RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

RNI No.: GUJGUJ/2023/87652

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 05 July 2024, Friday | Page : 12 | Year : 1 | Issue : 222 | Price: 2/-



રાહુલ ગાંધી અચાનક શ્રમિકો વચ્ચે પહોંચ્યા, પાવડો ચલાવ્યો

વાંચો પેજ નં. 12

## વર્લ્ડ ચેમ્પિયન્સનું મુંબઈમાં ગ્રાન્ડ વેલકમ



ભારત હેડલાઈન, તા.૪

T-20 વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ યોજાઈ હતી. આ વિક્ટરી પરેડમાં જાણે જનસૈલાબ ઉમટ્યો હતો. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ તિરંગો અને ટ્રોફી સાથે વિજયરથ (ખુલ્લી છતની બસમાં) પર સવાર થઈને મુંબઈના નરીમાન પોઈન્ટથી વાનખેડે સ્ટેડિયમ પહોંચ્યા હતા. અહીં ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં BCCIએ ટીમ ઈન્ડિયાને ૧૨૫ કરોડ રૂપિયાનું ઈનામ આપ્યું હતું. કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી બસની છતની સામે એકસાથે આવ્યા અને ચાહકોને ટ્રોફી બતાવતાં આનંદથી નાચવા લાગ્યા.






# હેમંત સોરેન ઝારખંડના 13મા CM બન્યા



## જે રાજભવનમાંથી તેમની ધરપકડ કરવામાં આવી હતી, 156 દિવસ પછી ત્યાં જ શપથ લીધા

ભારત હેડલાઈન, તા.૪

હેમંત સોરેન ઝારખંડના નવા સીએમ બન્યા. જેલમાંથી છૂટ્યાના છઠ્ઠા દિવસે તેમણે ફરી એકવાર રાજ્યની કમાન સંભાળી છે. ૨૪ વર્ષમાં તેઓ ઝારખંડના ૧૩મા સીએમ બન્યા.

આ સાથે તેઓ ત્રીજી વખત રાજ્યના સીએમ તરીકે શપથ લેનારા ત્રીજા સીએમ બન્યા છે. તેમના પહેલા તેમના પિતા શિબુ સોરેન અને બીજેપી નેતા અર્જુન મુંડાએ ત્રણ વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.

હેમંત સોરેનની આ શપથ એટલા માટે પણ ખાસ માનવામાં આવી રહી છે કારણ કે ૧૫૬ દિવસ બાદ તેમણે ફરીથી એ જ રાજભવનમાં શપથ લીધા જ્યાંથી ૩૧ જાન્યુઆરીએ તેમની ધરપકડ કરવામાં આવી હતી. હેમંત સોરેન તેમને પોતાની જીત અને બીજેપીના કાવતરાની હાર ગણાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આજે શપથગ્રહણ કર્યા પહેલાં હેમંત સોરેને તેના પિતા શિબુ સોરેનની મુલાકાત લઈ તેમનાં આશીર્વાદ લીધા હતા.



# રાજકોટ મોટા મવા વિસ્તારમાં બિનખેતી કર્યા વગર સૂચિત સોસાયટીઓ ઊભી કરી દસ્તાવેજો કરી દેનાર આકાઓ કોણ?

## સૂચિતના દસ્તાવેજો કરી આપનાર આકાઓ દ્વારા આચરાયેલા કૌભાડનું કલેકટર પાસે કોકડું આવતા વિગતો ખુલી.. જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા ઉઠી લોકમાંગ

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટના મોટા મવા વિસ્તારમાં બિનખેતી કર્યા વગર સૂચિત સોસાયટીઓ ઊભી કરી દઈ મકાન પ્લોટના સૂચિતના દસ્તાવેજો કરી વેંચી દેવાઈ હોવાનું સામે આવ્યું છે. સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી તંત્રની આંખમાં ધૂળ નાંખી કરોડો રૂપિયાની કમાણી કરનાર ભૂમાફિયાઓ કોણ કોણ છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. કલેકટર પાસે કોકડું આવતા વિગતો ખુલવા પામી હતી ત્યારે જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા લોકમાંગ ઉઠી છે. રાજકોટમાં ગેમઝોનના અગ્નિકાંડ બાદ તમામ વિભાગના અધિકારીઓ સતર્ક બન્યાં છે. રાજકોટ તાલુકાના

### સરકારી રેકર્ડ સાથે ચેડાં કરી તંત્રની આંખમાં ધૂળ નાંખી કરોડો રૂપિયાની કમાણી કરનાર ભૂમાફિયાઓ બન્યાં બેફામ?!

મોટામવા ગામાના રેવન્યુ સર્વે નં. ૫૦ પૈકી ૧/૧ ની જમીન હેકટર ૧-૨૫-૩૩નો તકરારી કેસ રાજકોટ કલેકટર પ્રભવ જોષીની કોર્ટમાં ચાલી જતાં મોટી ગંભીર ક્ષતિઓ બહાર આવી હોવાનું સામે આવ્યુ છે. મોટામવા હાલ રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થઈ ગયેલ છે. આ જમીન ૧-૨૫-૩૩ ચો.મી. ઉપર સુચિત સીતારામ પાર્ક કો.ઓ.હા.સોસાયટી લી.ના સભ્યોએ બાંધકામ સાથે બહુ લાંબા સમયથી આ ભૂમાફિયાઓ પાસે અંધારામાં રહી કબ્જો મેળવેલ છે. અને એમના દસ્તાવેજો પણ કરેલ છે. પ્લોટ ધારકોને જ્યારે ખબર પડી કે આતો બિન કાયદેસર પ્લોટીંગ છે ત્યારે પસ્તાવો થવા પામ્યો હતો. જે સરકારી રેકર્ડ પર ઉપર હોવા છતાં નાયબ કલેકટર સીટી પ્રાંત-રની કોર્ટએ ધ્યાને લીધેલ નથી, તેવું બહાર આવ્યુ છે. પ્લોટ ધારકોની પરિસ્થિતિ મૂંઝવણ અંગે તંત્ર આવા ભૂમાફિયાઓ સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરે તો પ્લોટ ધારકોને ન્યાય મળે એમ છે.





# પડધરીના સરપદડ ગામે ડોન્ડી નદીના પટ પર દબાણકર્તાઓ દ્વારા ખડકી દેવાયું બિનકાયદે બાંધકામ !?


**પ્રભાવશાળી અને રાજકીય વગ ધરાવતા સ્થાનિક લોકો દ્વારા પોતાના અંગત હિત માટે માનવ જીવનનો કુદરતી સ્ત્રોત કહી શકાય એવી આ નદી પર દબાણ કરી મોટામાં મોટો શેડ ઊભો કરાયો**

ભારત હેડલાઇન, તા.૪

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના સરપદડ ગામે ડોન્ડી નદીના પટ ઉપર પ્રભાવશાળી અને રાજકીય વગ ધરાવતા સ્થાનિક લોકો દ્વારા પોતાના અંગત હિત માટે માનવ જીવનનો કુદરતી સ્ત્રોત કહી શકાય એવી આ નદી પર ગેરકાયદેસર દબાણ કરી મોટામાં મોટો શેડ બનાવી તેમાં ખોડિયાર, ડેરી, કરિયાણું, વેલ્ડિંગ વર્ક્સ, દવાખાનું વગેરે ચલાવવામાં આવી રહેલ છે અને કુદરતિ સ્ત્રોત એવી નદીના પટ પર અડિંગો જમાવી લાખો રૂપિયાનો સરકારની જાણ બહાર વેપલો કરવામાં આવી રહ્યાનું સામે આવી રહ્યું છે. શું આમા તંત્રની કેટલી મિલીભગત છે ? લોકોમાં સવાલ ઉઠી રહ્યા છે. દબાણદાર અને પંચાયતના જવાબદાર સરપંચ અને સભ્ય જવાબદારો સામે તપાસની માંગ ઉઠી છે.




**બિન કાયદેસર બાંધકામમાં ધમધતો ડેરી, કરિયાણું, વેલ્ડિંગ વર્ક્સ, દવાખાનું વિગેરે વ્યવસાય**




## રોયલ્ટીની ચોરી કરાતી હોવાની આશંકા??



# રૈયા ચોકડી પાસે પટેલ ઓટો સેલ્સ નામની દુકાનના માલિક દ્વારા ફૂટપાથ ઉપર કબજો કરી રેતીનું વેચાણ

■ **તંત્રની મીઠી નજર હેઠળ આ વેપલો ચાલી રહ્યા હોવાની લોકમુખે ચર્ચા**

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટના મુખ્ય એરીયા ગણાતા રૈયા ચોકડી પાસે ફૂટપાથ ઉપર પટેલ ઓટો સેલ્સ નામની દુકાનના માલિકે ગેરકાયદે કબજો કરી લીધા હોવાનું સામે આવ્યુ છે.

સરકારી રાહદારી જગ્યા પર દુકાન ધારકે કબ્જો કરી ખનીજ પદાર્થોનો કરાતો ખુલ્લેઆમ વેપલો કરી રહ્યો છે. સામાન્ય રેકડી ધારક કોઈ મેઈન રોડ ઉપર ધંધો કરતો હોય તો દબાણ હટાવ શાખા આવીને તરત જ બંધ કરાવી દે છે પરંતુ પટેલ ઓટો સેલ્સના માલિક ખુલ્લેઆમ રેતી વેચી રહ્યા છે. ત્યારે સવાલ એ થાય કે તંત્રની મીલીભગતનો નથી ને? જ્યારે અન્ય સવાલ પણ ઉપજે છે કે, આ રેતી સરકાર પાસેથી રોયલ્ટી ભરીને લીધી છે કે ચોરી કરેલી છે ?


# લોહાનગરમાં કોલેરાનો ૧ કેસ મળી આવતા દોડધામ

## આસપાસનાં વિસ્તારોમાં જુદી-જુદી ટીમો દ્વારા તપાસ શરૂ : મ્યુનિ. કમિશનર

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટમાં અંતે કોલેરાએ પગ પેસારો કર્યો છે. લોહાનગર રેલવે ક્રોસિંગ પાસે છ વર્ષના બાળક કોલેરાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જે સ્વસ્થ થઇ જતા હાલ રજા આપવામાં આવી પરંતુ કોલેરાના કારણે આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયું છે.

આરોગ્ય વિભાગની ટીમો આ વિસ્તારમાં ઉતારી છે. ૪૩૮ ઘરોમાં ચેકીંગ કરી ૧૭૧૦ વ્યક્તિઓના સેમ્પલ લેતા ઝાડા-ઉલ્ટીના છ કેસ બહાર આવ્યા હતા. આથી આ વિસ્તારમાં ઓઆરએસ અને ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. શહેરમાં લોહાનગરમાં એક બાળકને કોલેરા થયા બાદ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ અને આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે ચકાસણી શરૂ કરવામાં આવી હતી. લોકોને આરોગ્ય શાખાના સ્ટાફ દ્વારા લોકોને ઉકાળેલું પાણી પીવા તથા સ્વસ્છતા રાખવા જમતા પહેલા સાબુથી હાથ ધોવા તેમજ ક્લોરીન ટેબ્લેટનો ઉપયોગ કરવા આઈઈસી પ્રવૃત્તિ કરવામાં આવી છે. સર્વે દરમ્યાન પીવાના પાણીના પત્રોની સફાઈ કરવા માટે સુચના આપવામાં આવી છે.



વિસ્તારમાં મોબાઈલ મેડિકલ વાન દ્વારા દૈનિક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સાફ-સફાઈ માટે આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને કામગીરી કરવામાં આવી છે. કોલેરા બેક્ટેરિયાથી થતી બીમારી છે. વિબ્રિયો કોલેરી જીવાણુના કારણે કોલેરા થાય છે અને દૂષિત પાણીના કારણે તે ફેલાય છે. કોલેરા એક ચેપી રોગ છે અને તેમાં દર્દીને ઉલ્ટી અને ઝાડા થાય છે.

પાણી અને પોષણના અભાવના કારણે ડિહાઈડ્રેશન જેવી સમસ્યા પણ થઈ શકે છે. જો યોગ્ય સારવાર દર્દીને ન મળે તો તેનું મોત પણ થઈ શકે છે. કોલેરા બેક્ટેરિયા મુખ્યત્વે ખરાબ ખોરાક અને ગંદા પાણીથી ફેલાય છે. આ પ્રકારની સ્થિતિમાં ખોરાક અને પીવાના પાણીને સ્વચ્છ રાખવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

## ૬ જુલાઈ ૨૦૨૪

# રંગીલા રાજકોટનો ૪૧૪મો જન્મદિન







**સંકલનઃ પારૂલ આડેસરા, દિવ્યા ત્રિવેદી**

૬ જુલાઈ એટલે રાજકોટનો સ્થાપના દિન..... આપણા રંગીલા રાજકોટનો ૪૧૪મો જન્મદિવસ એટલે કે આજની તારીખ. રાજકોટ એ આ વર્ષોમાં રાજવી ઠાકોર વિભાજીથી લઈ  હાલનાં રાજવી માંધાતાસિંહ સુધીના સમયને જોયો છે. ૪૧૩ વર્ષ પહેલા ઈ. સ. ૧૬૧૦મા જાડેજા રાજવી ઠાકોર વિભાજી અને તેના વિશ્વાસુ સાથીદાર રાજુ સંધિએ આજી નદીના કાંઠે ગામ વસાવ્યું, તેના નામ ઉપરથી જ શહેરનું નામ રાજકોટ થયું. શરૂઆતમાં રાજકોટ હાલના કોઠારીયા નાકા,રૈયા નાકા,બેડી નાકા અને ભીચરી નાકાની અંદર ઊંચાઈ પર વસેલું હતું.સમય જતા મોગલ વંશનું શાસન ફેલાતા ઈ. સ.૧૭૭૬મા જૂનાગઢના નાયબ ફોજદાર માસુમખાને સરધાર કબજે કરી રાજકોટમા થાણું નાખી, રાજકોટનું નામ માસૂમાબાદ કર્યું હતું. ત્યારબાદ અંગ્રેજોનું શાસન આવતા રાજકોટને ફરી રાજ પરિવાર મળ્યો.

રાજકોટના રાજવીઓએ ધર્મેન્દ્રસિંહજી લો કોલેજ, રાજકુમાર કોલેજ,ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ, બાવાજીરાજ સ્કૂલ, ધર્મેન્દ્રસિંહજી કાપડ માર્કેટ, લાખાજીરાજ લાઈબ્રેરીનું નિર્માણ કર્યું. તત્કાલીન દુકાળને પહોંચી વળવા લોકોને રોજગારી મળી રહે તે માટે રાજવી દ્વારા રણજીત વિલાસ પેલેસનું પણ નિર્માણ કરાયું હતું.

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પિતા કરમચંદ ગાંધી તત્કાલીન રાજવી બાવાજીરાજના દીવાન હતા અને આ સંબંધના નાતે રાજકોટનું રાજપાટ તત્કાલીન રાજવી શ્રી ધર્મેન્દ્રસિંહજીએ લોકશાહીને મજબૂત બનાવવા સરળતાથી ગાંધીજીને સોંપી દીધું હતું. રાજાશાહી સમયમાં ટ્રેન સેવા માટે રાજવીઓએ મોટું દાન પણ આપ્યું હતું.જે તે સમયે મચ્છરોનો ત્રાસ પણ

- **શરૂઆતમાં રાજકોટ હાલનાં કોઠારીયા નાકા,રૈયા નાકા, બેડી નાકા અને ભીચરી નાકાની અંદર ઊંચાઈ પર વસેલું**
- **હિરાસર ગ્રીન ફિલ્ડ એરપોર્ટ, એઈમ્સ, લાઈટ હાઉસ, અટલ સરોવર આધુનિક રાજકોટના વિકાસનું પ્રતિબિંબ**

ખૂબ વધતા રાજવીએ સૌપ્રથમ પોતાના મહેલમાંથી મચ્છર જાળી કાઢી લોકોને સુરક્ષિત કરવા આપી દીધી હતી. આમ પ્રજા વત્સલ રાજવી તરીકેનું ઉત્તમ ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું હતું.

રાજકોટને પ્રજા વત્સલ અને લોક ખેવનાવાળા રાજવીઓ મળ્યા તેના કારણે રાજકોટનો અવિરત વિકાસ થતો રહ્યો જે લોકશાહીમાં પણ આગળ વધતો જ રહ્યો છે.આઝાદી પછી સૌરાષ્ટ્ર રાજ્ય બન્યું અને ઉચ્છરંગરાય ઢેબર જેવા લોકપ્રિય મુખ્યમંત્રી પણ રાજકોટને મળ્યા જેણે રાજકોટના વિકાસને આગળ વધાર્યો.  ૧ મે ૧૯૬૦ના સૌરાષ્ટ્ર ગુજરાત રાજ્યમાં ભળી ગયું અને આજદિન સુધી રાજકોટે વિકાસના મામલે પાછળ વળીને જોયું નથી. ૧૯૩૮માં રાજકોટમાં પ્રથમ જીનમીલ કરણપરામાં ચાલુ થઇ હતી અને ૧૯૪૨મા પ્રથમ કાપડ મિલ શરૂ થઈ. ૧૯૫૨માં એશિયાના સૌ પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ એરીયા ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એરિયાનો પ્રારંભ થયો. આજે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રે રાજકોટ દેશ અને દુનિયામાં અગ્રેસર છે. રાજકોટમાં અનેક ઉદ્યોગ સાથે અનેક લોકો રાજકોટને મહાત્મા ગાંધીના જીવન કવનના મહત્વના કારણે મુલાકાત લે છે ત્યારે રાજકોટમાં કબા ગાંધીનો ડેલો, જૂની આલ્ફ્રેડ હાઈસ્કુલ કે જે હાલ મહાત્મા ગાંધી મ્યુઝિયમ છે, રિજીયોનલ સાયન્સ સેન્ટર સહિત નજીકના વિસ્તારમાં ઓસમ ડુંગર, ખંભાલીડાની ગુફાઓ, ઘેલા સોમનાથ જેવા અનેક ફરવાના સ્થળો છે. શહેરમાં ભૂગર્ભ જળના સ્તરને વધારવાની સાથે અટલ સરોવર હાલ રાજકોટની જનતાનું લોકપ્રિય અને રમણીય પ્રવાસન સ્થળ બન્યું છે.

રાજકોટ શૈક્ષણિક ક્ષેત્રે પણ અવ્વલ છે.વિદેશી તથા એન.આર.આઈ વિદ્યાર્થીઓ પણ હાલ રાજકોટમાં અભ્યાસ કરી રહ્યા છે.આરોગ્ય ક્ષેત્રે પણ રાજકોટમાં અનેક ખાનગી અને સરકારી સ્તરે એઈમ્સ, પદ્મકુવરબા પંડિત દીન દયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ, જનાના જેવી આલા દરજ્જાની હોસ્પિટલ કાર્યરત છે, જે સૌરાષ્ટ્રના દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે.

આંતરમાળખાકીય સુવિધા ક્ષેત્રે રસ્તા, વિજળી જેવી દરેક સવલત સાથે આજે સૌની યોજના દ્વારા રાજકોટમાં દરેક ઘરે પાણીની સવલત પણ ઉપલબ્ધ છે. લાઈટહાઉસ જેવા અત્યાધુનિક આવાસો રાજકોટની જનતા માટે આશીર્વાદરૂપ બન્યા છે. રાજકોટના સૂકા વાતાવરણ અને સૌરાષ્ટ્રમા કોઈ બારમાસી નદી ન હોવા છતા હજારો કિ. મી. અંતરથી પાઈપલાઈન દ્વારા પણ આજે નર્મદાના નીર સૌની યોજના મારફતે રાજકોટના ઘરે ઘરે પહોંચ્યા છે. રમત ગમત માટે અનેક સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ માટે ખંઢેરી સ્ટેડિયમ પણ કાર્યરત છે. કલા અને સંસ્કૃતિને પ્લેટફોર્મ પૂરું પાડવા સરકારી સ્તરે હેમુ ગઢવી હોલ, અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ અને પ્રમુખસ્વામી ઓડિટોરિયમ કાર્યરત છે જેમાં અનેક રાષ્ટ્રીય સ્તરના નામી કલાકારોએ પોતાની કલા રજૂ કરી છે.

**રાજકોટ અગ્નિકાંડનો રીપોર્ટ હાઈકોર્ટમાં રજુ**

# TRP ગેમઝોન ગેરકાયદે હોવાની તંત્ર, અધિકારીઓને ખબર હતી: હાઈકોર્ટની ટકોર

- વહિવટી તંત્રમાં ખામી રહ્યાનો સરકારનો સ્વીકાર: વધુ સુનાવણી ૨૫ જુલાઈએ
- સ્કૂલો બંધ કરવી તે ઉપાય નથી, નિયમ પાલન કરાવો; કેટલાંક સામે પગલા ભરીને કાર્યવાહી બંધ ન થવી જોઈએ




ભારત હેડલાઈન, તા.૪

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડમાં રાજ્ય સરકારની રાજ્ય શોધક કમિટિનો રીપોર્ટ આજે ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. અદાલતે કેટલીક વેધક ટકોર કરી હતી. એડવોકેટ જનરલે વહિવટ તંત્રમાં ખામીનો સ્વીકાર કર્યો હતો. આ કેસમાં વધુ સુનાવણી ૨૫મી જુલાઈ પર મુલત્વી રાખવામાં આવી હતી.

રાજ્ય સરકારે નિયુક્ત કરેલી અન્ય શોધક સમિતિએ ગઈકાલે સરકારને સોંપ્યો હતો. સરકારે તેના પર વિસ્તૃત ચર્ચા કર્યા બાદ આજે સીલબંધ કવરમાં હાઈકોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો.

અગ્નિકાંડના રીપોર્ટ વિશે સરકારે એવી રજુઆત કરી હતી કે ટીઆરપી ગેમઝોનને અગાઉ ડીમોલીશન નોટીસ આપવામાં આવી હતી ત્યારે કોર્ટે એવી ટકોર કરી કે ગેમઝોન ગેરકાયદે હોવા વિશે તંત્ર-અધિકારીઓને ખબર હતી.

હાઈકોર્ટે એમ પણ કહ્યું કે તપાસ કાર્યક્રમમાં ચેક એન્ડ બેલેન્સ સિસ્ટમ હોવી જોઈએ. કેટલાંક લોકો સામે પગલા લઈને શાંત ન થવું જોઈએ કાર્યવાહી ચાલુ રાખવી પડે.

કોર્ટે એમ પણ કહ્યું કે અગ્નિકાંડને પગલે સ્કૂલો બંધ કરવી તે કોઈ ઉપાય નથી. તમામને નિયમોનું પાલન કરતા કરવાની જરૂર છે. રાજ્યમાં ફાયર સેફટીને લઈને હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરનાર અમીત પંચાલે એમ કહ્યું હતું કે રાજ્યમાં ફાયર ઓફિસરોની ખાલી જગ્યા ભરવી જરૂરી છે. કોર્ટે ખાલી જગ્યા વિશે પણ સવાલ પૂછ્યો હતો. બેદરકારી કે અક્ષમતા બદલ સરકાર મ્યુનિસીપલ કમિશ્નરને પણ દૂર કરી શકે છે.

સસ્પેન્ડેડ ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાની ભૂમિકા વિશે પણ ચર્ચા થઈ હતી તેમાં કોર્ટે કહ્યું કે સંસ્થાના વડા અર્થાત મ્યુ. કમિશનરની પણ જવાબદારી બને અને આવા અધિકારીઓના આધારે સિસ્ટમ ચાલી ન શકે. આ પ્રકરણમાં વધુ સુનાવણી હવે ૨૫ જુલાઈએ રાખવામાં આવી છે.

# STના ૪ કંડક્ટર કટકી કરતાં ઝડપાયા: ૩૨ ખુદાબક્ષ મુસાફરો પણ પકડાયા

- નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા ૧૦૦ ખાનગી વાહનો પણ ડિટેઈન: રૂા.૭.૦૪ લાખનો દંડ વસુલાયો

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટ એસટી વિભાગની લાઈન ચેકીંગ સ્કવોડ અને વીજીલન્સ સ્કવોડએ ગત માસ દરમ્યાન હાઈવે અને ડિવીઝનનાં નો-પાર્કિંગ ગેમઝોન વિસ્તારોમાં સઘન ચેકીંગ હાથ ધરાયું હતું.

આ ચેકીંગ દરમ્યાન એસટી તંત્રની ચેકીંગ ટીમોએ કટકી કરતા કંડક્ટરો અને ખુદાબક્ષ મુસાફરોને ઝડપી લઈ દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરનાર ખાનગી વાહનોને પણ ડિટેઈન કરી દંડ ફટકારાયો હતો. આ અંગેની એસ.ટી. વિભાગનાં વિભાગીય નિયામક જે.બી. કલોતરા પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગત માસ દરમ્યાન લાઈન ચેકીંગ સ્કવોડએ ૨૧૦૯-બસો ચેક કરી હતી.

આ ચેકીંગ દરમ્યાન ચાર કંડક્ટરોને કટકી કરતા ઝડપી લેવાયા હતા. જ્યારે ૩૨ ખુદાબક્ષો મફતમાં મુસાફરી કરતા ઝડપાયા હતા. આવા મુસાફરો પાસેથી રૂા.૮ હજારનાં દંડની વસુલાત કરવામાં આવી હતી. જ્યારે વિજીલન્સ સ્કવોડએ નો-પાર્કિંગ ઝોનનો ભંગ કરતા ૧૦૦ ખાનગી વાહનોને ડિટેઈન કર્યા હતા અને રૂા.૭.૦૪ લાખનો દંડ વસુલાયો હતો.

# વધુ ૮૪-વેપારીઓ પાસેથી ૫.૧ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરતું મનપા

- જાહેરમાં ગંદકી ફેલાવનારાઓને રૂ.૨૩,૧૦૦નો દંડ કરાયો



ભારત હેડલાઈન, તા.૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા.૧૨/૭ના રોજ ત્રણેય ઝોન વિસ્તારઅલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં તા.૨/૭ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૮૪ આસામીઓ પાસેથી ૫.૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૯ આસામીઓ પાસેથી ૦.૮૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૨ આસામીઓ પાસેથી ૨.૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૩૫૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૧૫ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# સાગઠિયાના નાર્કો ટેસ્ટની રજૂઆત માટે ગયેલા કોંગ્રેસ આગેવાનોની પોલીસ કમિશનર સાથે તડાફડી





ભારત હેડલાઈન, તા.૪

ટીઆરપી ગેમઝોનના આરોપમાં કરવામાં આવેલ ધરપકડમાં મનસુખ સાગઠીયા પાસે કરોડોનુ સોનુ ઝડપાયા બાદ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ ઘટના બાદ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા પુર્વ ટીપીઓ એમ.ડી. સાગઠીયાનો નાર્કો ટેસ્ટ કરવા માંગણી કરી છે. આ અંગે જયારે કોંગ્રેસ અગ્રણીઓ પોલીસ કમિશ્નરને રજુઆત કરવા જતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. તમામ કોંગ્રેસ અગ્રણીઓની ધરપકડ કરવામાં આવી હતી. કોંગ્રેસ અગ્રણી અતુલ રાજાણી, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, ધરમભાઈ કાંબલીયા, રાજદીપસિંહ જાડેજા, વશરામ સાગઠીયા સહીતના આગેવાનો પોલીસ કમિશ્નર કચેરીએ આવેદનપત્ર પાઠવવા ગયા હતા. મનસુખ સાગઠીયાનો નાર્કો ટેસ્ટ કરવાની કોંગ્રેસએ માંગણી કરી હતી. આ સમયે બન્ને વચ્ચે બોલાચાલી થતા પોલીસ કમિશ્નર કોંગ્રેસ અગ્રણીઓને બહાર કાઢયા હતા. ત્યારબાદ કોંગ્રેસ અગ્રણીઓએ પણ પોલીસ કમિશ્નર કચેરી ‘પોલીસ કમિશ્નર હાય..હાય’ના નારા લગાવ્યા હતા જેને પગલે તમામ કોંગ્રેસ અગ્રણીઓની ધરપકડ કરી પ્રનગર પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી જણાવે છે કે, શાંતિપૂર્ણ કરવા ગયેલ રજુઆતમાં અમારી ધરપકડ કરવામાં આવી. અમારી માંગ છે કે સાગઠીયાનો નાર્કો ટેસ્ટ કરવામાં આવે જેથી ભાજપના અગ્રણીઓની પોલ ખુલે. વધુમાં તેઓ જણાવે છે કે, પોલીસ કમિશ્નરની અગાઉ એપોઈન્ટમેન્ટ લઈ પાંચ વ્યક્તિ રજુઆત કરવા ગયા હતા. પરંતુ માંગણી અંગે બોલાચાલી થતા પોલીસ કમિશ્નર કચેરીમાંથી કાઢી મુકયા. આ ઉપરાંત પત્રકારો માટે પણ પ્રવેશબંધી કરતા મામલો બીચકાયો હતો. અમારો ઉકેલ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવાનો હતો. નાર્કો ટેસ્ટ થયા બાદ ભાજપના ભ્રષ્ટ આગેવાનોના નામ બહાર આવશે. હાલ કોંગ્રેસ સમીતીના પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, ગાયત્રીબા, અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, ધરમભાઈ કાંબલીયા, રાજદીપસિંહ જાડેજાની ધરપકડ કરી પ્રનગર પોલીસ સ્ટેશન લઈ જઈ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## ઉગ્ર રજૂઆતને પગલે ચકમક બાદ અતુલ રાજાણી, ગાયત્રીબા સહિત સાત આગેવાનોની કરાઈ અટકાયત

# વહિવટી તંત્રનું બુલડોઝર ફર્યુંઃ રાજકોટમાં બે દિવસમાં રાવકીમાં ૧૫ કરોડ અને યુનિ. રોડ પર ૭૦ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાઈ

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટ જિલ્લા કલેકટરે દરેક મામલતદારોને સરકારી જમીનો ઉપરનાં દબાણો હટાવી દેવા આદેશ કર્યા છે જેનાં પગલે છેલ્લા કેટલાંક દિવસોથી જિલ્લાનાં દરેક મામલતદારો દ્વારા સરકારી જમીનો ઉપરનાં દબાણો શોધી અને દબાણકર્તાઓને નોટિસ ફટકારી હતી. ત્યારે ગઈકાલે અને આજે એમ ૨ દિવસમાં રાજકોટ જિલ્લા રેવન્યુ તંત્રએ બે ડિમોલીશન હાથ ધરી ૮૫ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવી દીધી છે.



રાજકોટ જિલ્લામાં સરકારી જમીનો પર દબાણના કિસ્સાઓમાં નોટિસો બાદ પણ જે દબાણકર્તાઓએ સ્વૈચ્છીક રીતે દબાણો હટાવ્યા ન હતા તેવી સરકારી જમીનો ઉપરનાં દબાણો ઉપર રેવન્યુ તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવાનો દૌર શરુ કરી દેવાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની જમીનો દબાણ મુક્ત કરાવી દેવાઈ છે. ગઈકાલે લોધીકાનાં રાવકીમાં ૧૫ કરોડની તથા આજરોજ યુનિવર્સિટી રોડ ઉપર કિડની હોસ્પિટલ સામેની આજે ૭૦ કરોડની રૈયા સર્વે નં.૩૧૮ની સરકારી જમીન પણ દબાણ મુક્ત કરાઈ હતી.

આ અંગેની પશ્ચિમ મામલતદાર કચેરીનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રૈયા સર્વે નં.૩૧૮ની ૧૨ હજાર ચો.મી. જમીન કે જેની અંદાજીત કિંમત ૭૦ કરોડ થવા જાય છે. તેની ઉપર મનસુખ પરમાર નામના દબાણકર્તાએ છેલ્લા ઘણા સમયથી વંડો-મકાનનાં દબાણો ખડકી દીધા હતા. આ દબાણકર્તાને મામલતદાર શુકલાએ અગાઉ નોટિસ પણ ફટકારી હતી. આમ છતાં આ દબાણ નહી હટાવાતા આજે મામલતદારે દબાણ ઉપર બુલડોઝર ફેરવી દઈ કિંમતી સરકારી જમીન ખુલ્લી કરાવી દીધી હતી.

# મનપાના TP શાખાને ઈમ્પેકટ ફીની ફાઈલોનો સમય મર્યાદામાં નિકાલ કરવા કમિશનરનો આદેશ

## વધુમાં વધુ છ માસમાં અરજી મંજૂર કે નામંજૂર કરો

### નિયમ સાથે છેડછાડ માટે સમય રહેવો ન જોઈએઃ ફાયર NOCની જેમ ઈમ્પેકટમાં પણ શાળા હોસ્પિટલોને અગ્રતા અપાશે



ભારત હેડલાઈન, તા.૪

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખાનો ભ્રષ્ટાચાર ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડ બાદ છાપરે ચડીને પોકારી રહ્યો છે અને તપાસની કાર્યવાહી સામે રોજ નવા સવાલો ઉઠતા જાય છે ત્યારે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ગેરકાયદે બાંધકામોને નોટીસ આપવાથી માંડી ડિમોલીશન, ઈમ્પેકટ ફીની ફાઈલોના નિકાલ જેવી વહીવટી પ્રક્રિયા પણ સ્થગિત જેવી હાલતમાં આવી ગઈ છે. નોટીસ હોય કે ઈમ્પેકટ કાયદા અંગેની કાર્યવાહી, ખુબ ચોકસાઈથી કામગીરી કરવા કમિશ્નરે ટીપી વિભાગને સૂચના આપી છે. તો ઈમ્પેકટની અધુરી ફાઈલો મૂકનારા પાસે પૂરા દસ્તાવેજોની ઉઘરાણી કરી સમયમર્યાદામાં તેનો નિકાલ કરી નાંખવા પણ જણાવ્યું છે. છેલ્લા લગભગ દોઢ મહિનાથી મ્યુનિ. કોર્પોરેશન આરોપીની જેમ ટીઆરપી ગેમ ઝોનના બનાવને લગતી વિગતો પોલીસ અને સરકારને પૂરી પાડવામાં ઉંધે માથે છે. હવે મોટા ભાગે તપાસ અને ધરપકડની કાર્યવાહી કોર્પો. બિલ્ડીંગ અંદર પૂરી થઈ ગયાનું લાગે છે. આ કામગીરીમાંથી હળવા થયા બાદ કમિશ્નરે ટાઉન પ્લાનીંગ અધિકારી સહિતના વિભાગ સાથે મીટીંગ કરી હતી. જેમાં રોજિંદી અને સંવેદનશીલ કાર્યવાહી વધુ ગંભીરતાથી કરવા સૂચના આપી છે. આજે કમિશ્નરે જણાવ્યું હતું કે જે રીતે ફાયર એનઓસીમાં શાળાઓ અને હોસ્પિટલોને અગ્રતા આપવામાં આવી રહી છે તે જ રીતે ઈમ્પેકટ ફી હેઠળ વધારાનું બાંધકામ નિયમબધ્ધ કરવાની કાર્યવાહીને ટીપી શાખા પ્રાથમિકતા આપશે. ઈમ્પેકટનો કાયદો સ્પષ્ટ છે. તેની જોગવાઈઓમાં ફીટ બેસતા બાંધકામો નિયમ મુજબ રેગ્યુલર થતા હોય તો તુરંત મંજૂર કરવા માર્ગદર્શન અપાયું છે. ઈમ્પેકટ ફીની ફાઈલ બહુ લાંબો સમય વેઈટીંગમાં રાખવાને બદલે તેનો નિકાલ કરવા પણ જણાવાયું છે. એક અંદાજ મુજબ ઈમ્પેકટ ફી માટે રજૂ થયેલી ૬૦ ટકા જેટલી ફાઈલમાં કોઈને કોઈ દસ્તાવેજ ઘટતા હોય તે રજૂ કરવા અરજદારને સૂચના આપવામાં આવે છે. અરજદારો તે રજૂ પણ કરે છે. પરંતુ ઘણા કેસમાં આવા બાકીના દસ્તાવેજ રજૂ કરવામાં આવતા નથી આથી આવી મિલ્કતના આસામીઓને સમયાંતરે સૂચના આપીને પૂર્તતા કરવા જણાવવામાં આવ્યું છે. આદર્શ રીતે ઈમ્પેકટ ફીની ફાઈલનો છ મહિનામાં નિકાલ થઈ જવો જરૂરી છે. આ રસ્તે જ ફાઈલ મંજૂર કે નામંજૂર કરવાની કાર્યવાહી હવે શરૂ થશે. હાલ કોર્પો.માં ત્રણે ઝોનની ૩૧૦૦થી વધુ ફાઈલો પેન્ડીંગ હોવાનું જાણવા મળ્યું છે. એકંદરે આવી ફાઈલોમાં રહેલી મિલ્કતના આસામીઓ કોઈ ઘટતા ડોકયુમેન્ટવગર બાંધકામ નિયમ વગર મંજૂર કરાવવા પ્રયાસ ન કરે તે જોવા પણ ટીપી વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે. ભુતકાળમાં જુની તારીખમાં ઈમ્પેકટની ઘણી ફાઈલો કલીયર થયાના આક્ષેપો થયા હતા તે પણ ઉલ્લેખનીય છે.

# કરોડો રૂપિયાના લોન કૌભાંડોના પુરાવાઓ જાહેર થયા બાદ રાજકોટ નાગરિક બેંકના સત્તાધિશોનું ભેદી મૌન

- દસ હજાર કરોડના એમ્પાયરના COએ મંજુર કરેલ ફ્રોડ લોનની ચોંકાવનારી વિગતો જાહેર
- નાગરિક બેંક બચાવો સંઘ 'સત્યના સંઘર્ષ' માટે વધુ આક્રમક બન્યો



ભારત હેડલાઈન, તા.૪

એક સપ્તાહ પુર્વે ૬૦ જેટલા લોન કેમ્પના પુરાવાઓ જાહેર થયા બાદ રાજકોટ નાગરિક સહકારી બેંકના સુપર સત્તાધિશોની ત્રિપુટીના જયોતિન્દ્રભાઈ મહેતા (મામા), નલીનભાઈ વસા અને જીમીભાઈ દક્ષિણીએ અગમ્ય કારણોસર ભેદી મૌન સેવી લીધુ છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ આ લોન ખાતાઓ અંગે કલીન ચીટ આપ્યાનો ભુતકાળમાં ગોબેલ્સ પ્રચાર કરનારાઓ જાહેર જનતા સમક્ષ કોઈ સીંગલ કાગળ પણ પ્રસારીત નથી કરી શક્યા. દરમ્યાન પુરતા દસ્તાવેજી પુરાવાઓ આધાર ધરાવનાર ''નાગરિક બેંક બચાવો સંઘ' મારફત ૧૦,૦૦૦ કરોડના એમ્પાયરના સીઈઓ વિનોદકુમાર શર્માજીએ પોતે જે ફ્રોડ લોન મંજુર કરી છે તેની વિગતવાર હકીકતો જાહેર કરીને અને સીલસીલાબંધ વાસ્તવિકતાઓ વર્ણવીને આજે સંઘે જાહેર કરીને ખડભળાટ મચાવી દીધો છે. સંઘના અગ્રણીઓ ચંદુભા પરમાર, ખેંગાર યોગી, બાલુભાઈ શેઠ, વિબોધ દોશી અને શરદ વોરાએ સંયુક્ત રીતે જણાવ્યુ છે કે, અમારા સહીત સંઘના હોદેદારોને બેંક ધ્વારા ગત તા.૩૧ મે એ બદનક્ષીની ફરીયાદ કરવા માટે લીગલ નોટીસ આપવામાં આવેલ જેનો અમોએ સડસડતો જવાબ આપી દીધેલ. બાદમાં ત્રણ સપ્તાહ વિત્યા છતાં બેંકે અમારી વિરૂધ્ધ કોર્ટમાં કોઈ ફરીયાદ કરવાની હિંમત એટલા માટે નથી કરી કે, બેંકના મોટા માથાઓ આ ૬૦ લોન સ્કેમમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલા છે. કાનુની જંગમાં કોર્ટમાં સ્કેમ સ્વયં સાબિત થાય જ અને બેંકના કેટલાક મોટા માથાઓને જેલમાં જવાનો પણ વારો આવી શકે. તદુપરાંત સંઘે જાહેર જનતા તેમજ વિશેષ કરીને બેંકના ફીકસ ડીપોઝીટરોને એવો વિશ્વાસ આપ્યો છે કે કોઈએ બેંકમાં રહેલા નાણાની સલામતી તે બેંક પ્રત્યેની વિશ્વસનીયતા અંગે સહેજ પણ ચિંતા કરવાની જરૂરત નથી.

# જેતપુરમાં જુગાર રમતી ૧૦ મહિલા ઝડપાઈ

ભારત હેડલાઈન, તા.૪

જેતપુર ઉદ્યોગનગર પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે બાતમીનાં આધારે દરોડો પાડી જેતપુરના નવાગઢ બળદેવધારમાં ઈભુભાઈ ચકી પાસે જાહેરમાં જુગાર રમતી વસંતબેન વિઠ્ઠલભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦), ધર્મીષ્ઠાબેન ઉર્ફે ધમી મગનભાઈ સોલંકી (ઉ.વ.૫૦), ગીતાબેન જેન્તીભાઈ પરમાર (ઉ.વ.૫૦), ઢેલીબેન રાણાભાઈ ઓડેદરા (ઉ.વ.૬૦), રેખાબેન સમજુભાઈ પરમાર (ઉ.વ.૫૫), હંસાબેન નરસીગીરી મેઘનાથી (ઉ.વ.૫૩), શાંતાબેન કેશુભાઈ ભડેલીયા (ઉ.વ.૬૦), મધુબેન રમેશભાઈ ભાખોતરા (ઉ.વ.૫૫), જશીબેન હીરાભાઈ સોલંકી (ઉ.વ.૬૦) કાળીબેન બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૩૫) (રહે તમામ બળદેવધાર, નવાગઢ, જેતપુર) ને પકડી પાડી રોકડ રૂ.૧૦,૩૩૦ કબ્જે કર્યા હતા.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# આમાં ક્યાંથી ભણે 'ભારત'! જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓમાં ૫૦૦ જેટલા શિક્ષકોની ઘટ

- ત્રંબાની શાળાના બાળકોના સ્થળાંતર સામે ઉઠયો વિરોધ
- સમિતિની બેઠકમાં ધો.૮માં વર્ગ વધારાની મંજુરી સહીતના લેવાયા નિર્ણયો



ભારત હેડલાઇન, તા.૪

રાજકોટ જિલ્લા પંચાયતની શિક્ષણ સમીતીની બેઠક સમીતીના અધ્યક્ષ અલ્પાબેન તોગડીયાની અધ્યક્ષતામાં અને શિક્ષણાધીકારી દિક્ષિત પટેલની હાજરીમાં મળેલ હતી. જેમાં નવા શૈક્ષણીક સત્ર બાબતે ચર્ચા થયેલ હતી. અમુક ગ્રામીણ શાળાઓમાં ધો.૮ના વર્ગને મંજુરી આપવાનો ઠરાવ કરી શિક્ષણ નિયામકને મોકલવાનું નક્કી થયું હતું. પંચાયત હસ્તકની ૮૫૦ શાળાઓ (પ્રાથમીક) માં કુલ ૫૦૦ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે તેની ચર્ચા કરવામાં આવેલ હતી. સરકારે જાહેર કરેલ નવી ભરતીમાં રાજકોટ જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ પુરી થવાની આશા છે. શિક્ષણાધીકારીએ આગામી દિવસોમાં શાળાઓમાં શિસ્ત, હાજરી અને શિક્ષણની ગુણવતા વધારવા કડક કાર્યવાહીનો નિર્દેષ આપ્યો હતો. ત્રંબા કસ્તુરબાધામમાં કુમાર શાળાનું મકાન જર્જરિત થઇ જતા તેને તોડી પાડવામાં આવેલ હતું. હાલ ગામની બન્ને શાળાના વિદ્યાર્થીઓ એક જ શાળામાં ભણે છે જેના કારણે ગીચતા થઇ જાય છે. જિલ્લા પંચાયતને શાળાની નવી ઈમારત તૈયાર ન થાય ત્યાં સુધી ૧૨૫ વિદ્યાર્થીઓને વાહનની સુવિધા સાથે બાજુના ગામની શાળામાં ખસેડવા નિર્ણય કરેલ હતો. આ નિર્ણયના અમલ સામે વાલીઓએ અસહમતી દર્શાવતા પંચાયતના સત્તાધીશો મામલો થાળે પાડવા મથામણ કરી રહ્યું છે. ત્રંબાની એક-બે સંસ્થાઓએ પોતાના મકાનમાં વિદ્યાર્થીઓને બેસવાની સુવિધા આપવાની ના પાડી દીધાનું જાણવા મળે છે. અલ્પાબેન તોગડીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની કેબીનેટ બેઠકમાં ૨૪૭૦૦ શિક્ષકોની ભરતીનો નિર્ણય લેવામાં આવેલ છે. તે ખુબ સરસ નિર્ણય છે. આ નિર્ણયથી બાળકોના શિક્ષણમાં ખુબ જ મોટી ઉન્નતી આવશે આજનું બાળકએ આવતીકાલનું ભવિષ્ય છે તેણીએ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ તેમજ ગુજરાત, રાજયના શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડિડોરનો આભાર વ્યકત કરેલ હતો.

# રાજકોટની ઝનાના હોસ્પિટલ સ્વચ્છતા સર્વેક્ષણ રેન્કીંગમાં રહી મોખરે

ભારત હેડલાઇન, તા.૪

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા હાથ ધરાયેલ સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૪ના ભાગરૂપે સ્વછતા રેન્કિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટની તમામ હોસ્પિટલ, પ્રાઈવેટ હોસ્પિટલ અને સરકારી હોસ્પિટલ જોડાયેલ હતી. આ સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધા અંગેના રેન્કિંગ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ઝનાના હોસ્પિટલ અને આઈકર ભવન મોખરે રહ્યા છે. આ સર્વેક્ષણમાં રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ સંલગ્ન MCH વિંગ ઝનાના હોસ્પિટલ, રાજકોટે મોખરે રહી છે. જેનુ પ્રમાણપત્ર કમિશ્નર, રાજકોટ મહાનગર પાલિકા તથા મેયર, રાજકોટ મહાનગરપાલીકાના હસ્તે અર્પણ કરવામાં આવ્યું છે. સ્વચ્છતા સ્પર્ધામાં તબીબી અધિક્ષક, ડો. આર.એસ. ત્રિવેદી અને MCH વિંગ (જનાના હોસ્પિટલ)ના પ્રાધ્યાપક અને વિભાગના વડા, પીડીયાટ્રીક વિભાગ, ડો. પંકજ બુચ તથા પ્રાધ્યાપક અને વિભાગના વડા, ઓબ્સ એન્ડ ગાયનેક વિભાગ, ડો. કમલ ગૌસ્વામીના માર્ગદર્શન હેઠળ અધીકારી કર્મચારીઓએ ઉત્સાહ પૂર્વક તથા ખંત પૂર્વક કામગીરી કરી હતી. તેમ તબીબી અધિક્ષક પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ રેલવે ડિવિઝને ૧૮ સ્ટેશન અને ૭ ઓફિસ બિલ્ડીંગો પર સોલાર પાવર પ્લાન્ટનો ઉપયોગ કરીને એક વર્ષમાં રૂ. ૨૭.૧૮ લાખની બચત કરી

ભારત હેડલાઇન, તા.૪

ઉર્જા બચત અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને આગળ વધારતા, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ગ્રીન અને સ્વચ્છ રેલવે તરફ મોટા કદમ ઉઠાવી રહ્યું છે.

રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર અને સીનીયર ડીવીઝનલ ઈલેક્ટ્રીકલ ઈજનેર શ્રીમતી રજની યાદવના માર્ગદર્શન હેઠળ ડીવીઝન દ્વારા પ્રદુષણ અટકાવવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અનેક પગલા લેવામાં આવેલ છે. આ દિશામાં રાજકોટ ડિવિઝનના વિવિધ ૧૮ રેલવે સ્ટેશનો અને ૭ ઓફિસ બિલ્ડીંગો માં ૫૧૯ કિલોવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. ઉપરાંત, વધુ સ્ટેશનો અને ઓફિસો પર સોલાર પ્લાન્ટની જોગવાઈ કરવામાં આવી રહી છે જે સ્વચ્છ ઊર્જા ઉત્પન્ન કરે છે. પરિણામે, ઊર્જા બિલમાં બચત થાય છે. નાના સ્ટેશનો પર સોલાર પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી ઉર્જાનો ઉપયોગ સ્ટેશનો પરના ઉપકરણોને પાવર આપવા માટે થાય છે જેમ કે લાઇટ, પંખા, કમ્પ્યુટર અને ફરતા વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટિંગ. મોટા સ્ટેશનો પર, ઉત્પન્ન થતી ઉર્જા વીજળીના ગ્રીડમાં પ્રસારિત થાય છે અને



વીજળીના બિલ મીટરવાળી બિલિંગ સિસ્ટમ દ્વારા પ્રાપ્ત થાય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ સૌર પ્લાન્ટો દ્વારા ૪૫૪૯૮૯ યુનિટ (KWh) ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવામાં આવી છે, જેના પરિણામે વીજળી બોર્ડ દ્વારા સપ્લાય કરવામાં આવતી ઊર્જાના પ્રતિ યુનિટ ખર્ચમાં સૌર પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ઊર્જાના ખર્ચની સરખામણીમાં તફાવત જોવા મળે છે જેનાથી બિલમાં ૨૭.૧૮ લાખ રૂપિયાની બચત થઈ છે. રાજકોટ ડિવિઝનમાં અમૃત ભારત પ્રોજેક્ટ હેઠળ ૧૫ સ્ટેશનો પર વીજળી વિભાગને લગતા કામો પ્રગતિમાં છે, જેમાં મુખ્યત્વે પ્રકાશની તીવ્રતા વધારવા, વેઇટિંગ હોલમાં એર-કન્ડિશનરની જોગવાઈ, લિફ્ટની જોગવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

# બંધ મો ખોલવામાં આયુર્વેદ પધ્ધતિ પર ડો. મલય અને ડો. અવની ફિચડીયાનું સંશોધન



ભારત હેડલાઇન, તા.૪

સમાજમાં હાલ પાન ફાકી માવાનું એટલું બધું ચલણ છે કે વર્ષે લાખો લોકો મોઢાના કેન્સરનો ભોગ બને છે. જેનાથી જડબું જકડાઇ જાય છે અને મોં બંધ થઇ જાય છે. આધુનિક મેડિકલ સાયન્સ હજુ આ વ્યાધિનો ઈલાજ શોધી શક્યું નથી, ત્યારે રાજકોટના મધુરમ ઓઝોન કિલનીક ચલાવતા અને તબીબી ક્ષેત્રે ૨૫ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવતા ડો. મલય ફિચડીયાએ મોઢાના કેન્સર માટે જનસુતા ફાર્માની અદભૂત આયુર્વેદિક ''માર્સેલ ઓએમઆર થેરાપી''નો સૌરાષ્ટ્રમાં સફળ પ્રયોગ કરતા કેન્સર કે પાન મસાલા ગુટકાને લીધે બંધ મોઢાના દર્દીઓ રાહત મેળવી શકયા છે. આ અંગે રૈયા રોડ પર મધુરમ ઓઝોન કિલનીક ચલાવતા ડો. મલય ફિચડિયા અને ડો. અવની ફિચડીયાએ જણાવ્યું હતું કે, અમે જનસુતા ફાર્માની આયુર્વેદિક માર્સેલ ઓએમઆર થેરાપી'' નો અનેક દર્દીઓ પર સફળ પ્રયોગ કરતા ચમત્કારિક પરિણામ મળ્યા હતા. વધુ માહિતી માટે મો. ૯૪૨૭૩ ૫૫૯૯૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

## રાજ્યના ૪.૭૧ લાખ કર્મચારીઓને મળશે લાભ

# સરકારી કર્મીના મોંઘવારી ભથ્થામાં ૪%નો વધારો

### જાન્યુઆરી ૨૦૨૪થી ભથ્થામાં ૪ ટકાનો વધારો ચૂકવાશે

**■ તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે**

ભારત હેડલાઈન, તા.૪

ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે મહત્વનો નિર્ણય સામે આવ્યો છે. સરકારી કર્મીના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૪થી ભથ્થામાં ૪ ટકાનો વધારો ચૂકવાશે. રાજ્યના ૪.૭૧ લાખ કર્મચારીઓને લાભ મળશે. તેમજ રાજ્યના ૪.૭૩ લાખ પેન્શનર્સને લાભ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરી છે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૧ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૭૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે. તદઅનુસાર, જાન્યુઆરી-૨૦૨૪ તથા ફેબ્રુઆરી-૨૦૨૪ મહિનાની તફાવતની રકમ જુલાઈ-૨૦૨૪ના પગાર સાથે, માર્ચ




અને એપ્રિલ-૨૦૨૪ની તફાવતની રકમ ઓગષ્ટ-૨૦૨૪ના પગાર સાથે તેમજ મે અને જૂન-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ સપ્ટેમ્બર-૨૦૨૪ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવવામાં આવશે. રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને ૧૧૨૯.૫૧ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

---

**સૌરાષ્ટ્ર યુનિ.ના કાર્યકારી ઈન્ચાર્જ કુલપતિને હટાવાયા**

## રાજ્ય સરકારે નીલાંબરી દવેને દૂર કરી ડો. કમલ ડોડિયાને ઈન્ચાર્જ કુલપતિનો ચાર્જ સોંપ્યો

ભારત હેડલાઈન, તા.૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ નીલાંબરી દવેને રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી ઈન્ચાર્જ કુલપતિના પદથી દૂર કર્યા છે. અને તેમની જગ્યાએ PDU મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા અને ડો. કમલ ડોડિયાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિનો ચાર્જ સોંપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ગિરીશ ભીમાણીને રાતો રાત ઈન્ચાર્જ પદેથી હટાવ્યા હતા. તે રીતે જ નીલાંબરી દવેને



તાત્કાલિક અસરથી હટાવી ડો. કમલ ડોડિયાને ઈન્ચાર્જ કુલપતિનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ત્યારે રાજ્ય સરકારે એક વર્ષમાં બીજી વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિને પદ પરથી હટાવી નવા ઈન્ચાર્જ કુલપતિને ચાર્જ સોંપ્યો છે.

---

**રાજકોટ સેન્ટ્રલ GSTની ઓફિસમાં CBIના દરોડા**

# રૂા.૨.૫૦ લાખની લાંચ લેતાં CGST ઈન્સ્પેક્ટર ઝડપાયો

### વેપારીને GST નંબર રદ કરવાની ધમકી આપી લાંચ માગી હતી

ભારત હેડલાઈન, તા.૪

રાજકોટ શહેરના રેસકોર્સ રિંગ રોડ પર આવેલ સેન્ટ્રલ જીએસટી વિભાગની કચેરીમાં સીબીઆઈની ટીમે દરોડા પાડ્યા હતા. રેસકોર્સ રિંગ રોડ પર આવેલી સેન્ટ્રલ GSTની કચેરીમાં ત્રીજા માળે ઈઈઈના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન CBIએ સેન્ટ્રલ GSTના ઈન્સ્પેક્ટરને કંપનીના માલિક અને ફરિયાદી પાસેથી રૂ.૨.૫૦ લાખની લાંચ લેતાં પકડી લઈ તેની સામે કેસ દાખલ કર્યો છે.

થોડા સમય પૂર્વે સેન્ટ્રલ GSTના અધિકારીઓ દ્વારા નોટિસ આપ્યા વગર કેટલાક વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં સેટલમેન્ટ માટે મોટી રકમની




માગણી કરવામાં આવી હતી. એ અંગેની ફરિયાદ મળતાં CBI દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન એક વેપારીએ CGST ઈન્સ્પેક્ટર પર ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે CGST ઈન્સ્પેક્ટરે તમે ધંધામાં ખોટું કામ કરો છો અને વાસ્તવમાં ચીજવસ્તુઓનું ટ્રાન્સપોર્ટેશન કરતા નથી, કહી ૨.૫૦ લાખની માગ કરી હતી. આ ઉપરાંત કહ્યું હતું કે જો તેઓ ધંધો ચાલુ રાખવા માગતા હોય તો ૨.૫૦ લાખની લાંચ આપો, નહીંતર GST નંબર રદ કરી દેવામાં આવશે. એને પગલે CBIએ ટ્રેપ ગોઠવી હતી અને આરોપીને ૨.૫૦ લાખની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટ સેન્ટ્રલ GST વિભાગના અધિકારીઓ દ્વારા થોડા સમય પૂર્વે સમન્સ વગર કેટલાક વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. દરમિયાન આ વેપારીઓને ત્યાં ગેરરીતિ થતી હોવાનું કહી આ બાબતે સેટલમેન્ટ કરવા માટે મોટી રકમની માગણી કરવામાં આવી હતી.

# કેબિનેટ મંત્રીના સગાને સરખી સારવાર ન મળતાં સિવિલ હોસ્પિટલના અધિક્ષક ત્રિવેદી પાસેથી ચાર્જ ઝુંટવી લેવાયો !?

- મોનાલી માકડીયા બન્યાં નવા સુપ્રિન્ટેન્ડન્ટ : સિવિલ હોસ્પિટલમાં સતત વિવાદ, આંતરિક ખટપટ, ઉપરાંત ડો.ત્રિવેદીની રીતિ નીતિ સામે ઉઠ્યા અનેક વખત સવાલો
- કેબિનેટ મંત્રીના સગાને સરખી સારવાર ન આપતા મોત થયાનો આક્ષેપ હતો, તેના પડઘા ગાંધીનગર સુધી પહોંચ્યા



ભારત હેડલાઈન, તા.૪

રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. આર.એસ. ત્રિવેદી પાસેથી સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકેનો ચાર્જ ઝુટવી લેવાયો છે. તેમની જગ્યાએ પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટના અધિક ડીન ડો.મોનાલી માકડીયાને નવા સુપ્રિન્ટેન્ડન્ટ બનાવાયા છે. સિવિલ હોસ્પિટલમાં સતત વિવાદ, આંતરિક ખટપટ, ઉપરાંત ડો.ત્રિવેદીની રીતિ નીતિ સામે અનેક વખત સવાલો ઉઠ્યા હતા. જે બાદ આ કાર્યવાહી થતા સિવિલ હોસ્પિટલમાં ચર્ચા જાગી છે. ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર દ્વારા ઉપ સચિવ વી.એમ. પટેલે જાહેર કરેલ આદેશમાં જણાવ્યું છે કે, તબીબી અધિક્ષક, પી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટનો તા.૩/૪/૨૦૨૧થી વધારાનો હવાલો ધરાવતા ડો.રાધેશ્યામ ત્રિવેદી ફીજીયોલોજીના પ્રાધ્યાપકને તબીબી અધિક્ષકના વધારાનાં હવાલા માંથી મુક્ત કરવામાં આવે છે. ડો.મોનાલી માકડીયા, પ્રાધ્યાપક, બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી, વર્ગ-૧, ને તબીબી અધિક્ષક, પી.ડી.યુ હોસ્પિટલ, રાજકોટનો વધારાનો હવાલો તેમની મૂળ ફરજો ઉપરાંત સોંપવામાં આવે છે. વધુમાં ડો.મોનાલી માકડીયા, પી.ડી.યુ. મેડીકલ કોલેજ. રાજકોટના અધિક ડીનના વધારાના હવાલામાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આદેશના પગલે સિવિલ હોસ્પિટલમાં ભારે ચર્ચા જાગી છે. સૂત્રોએ જણાવ્યા મુજબ, તાજેતરમાં કેબિનેટ મંત્રીના સગાને સરખી સારવાર ન આપતા મોત થયાનું આક્ષેપ હતો. તેના પડઘા ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. ઉપરાંત હોસ્પિટલમાં અનેક પ્રશ્નો હાલમાં જ કલેકટર કચેરીમાં મળેલી બેઠકમાં ઉઠ્યા હતા. જેમાં સાંસદ, ધારાસભ્યો, મંત્રીઓની હાજરીમાં જ સિવિલ હોસ્પિટલમાં ચાલતા તંત્રની આકરી ટીકા થઈ હતી. આ ઉપરાંત પ્રોફેસરની બદલી માટેનો કાગળ આગળ ન મોકલવો, હોસ્પિટલમાં ડોક્ટરોની સિક્યુરિટી ન હોવી, દર્દીઓ તરફથી અવાર નવાર ફરિયાદો ઉઠવી સહિતના અનેક વિવાદો સામે આવ્યા હતા. જે આ કાર્યવાહીમાં અસરકર્તા રહ્યા છે.

## મનપાના બે ઈજનેરોને વેસ્ટ નિકાલ માટે કામગીરી સોંપાઈ સોલીડ વેસ્ટ શાખાના નાકરાવાડી પ્લાન્ટમાં નવી જવાબદારી




ભારત હેડલાઈન, તા.૪

મ્યુનિ. કોર્પોરેશનમાં બે નાયબ કાર્યપાલક ઈજનેરોને કમિશ્નરે વધારાની કામગીરી સોંપી છે. વોટર વર્કસ શાખામાં ના.કાર્યપાલક ઈજનેર (ઈલે.) તરીકે ફરજ બજાવતા કે.પી.દેથરીયાને સતત ચોથો ચાર્જ સોંપવામાં આવ્યો છે. સોલીડ વેસ્ટ શાખાના 'વાવ' સેલ (જુદા જુદા વેસ્ટના નિકાલ) હસ્તકની નાકરાવાડી સાઈટ પરની વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટની ઈલે. લગત કામગીરી હવેથી તેમને કરવાની થશે. આ ઉપરાંત સેન્ટ્રલ વર્કશોપમાં ના.કા.ઈજનેર (મીકે.) તરીકે ફરજ બજાવતા જે.એલ. શિંગાળાને પણ નાકરાવાડી ખાતે મીકેનીકલને લગતી કામગીરી સોંપવામાં આવી છે.

પદ્મશ્રી, પદ્મભૂષણ પૂ.ડો. આચાર્ય ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહોદય વગેરેના સાંનિધ્યમાં

## ડિસેમ્બરમાં વિરાટ વાજપેય મહા સોમયજ્ઞ તથા વિષ્ણુ ગોપાલ મહાયજ્ઞનું આયોજન

- તા.૧ થી ૬ સુધી ૧૫૦ ફૂટ રીંગ રોડ વિસ્તારમાં સોમયજ્ઞનું આયોજન : સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છના ભાવિકોને મળશે દિવ્ય લાભ
- તા.30મી નવે.ના સોમરાજાની ભવ્ય શોભાયાત્રા : રાજકોટના આંગણે ૧૨મો સોમયજ્ઞ



ભારત હેડલાઈન, તા.૪

રાજકોટના આંગણે વૈષ્ણવાચાર્ય, પદ્મશ્રી, પદ્મભષણ પૂ.ડો. ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજની અધ્યક્ષતામાં વિરાટ વાજપેય મહા સોમયજ્ઞ મહોત્સવ તથા વિષ્ણુ ગોપાલ મહાયજ્ઞનું ૧૧ વખત ભવ્ય આયોજન કરીને રાજકોટની જનતાને દિવ્ય લાભ આપ્યો હતો. આગામી ૩૦ નવે.થી તા.૬-૧૨-૨૪ સુધી ફરીને શ્રી વિરાટ વાજપેય મહા સોમયજ્ઞ મહોત્સવ તથા શ્રી વિષ્ણુ ગોપાલ મહાયમનો દિવ્ય લાભ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છને મળવા જઈ રહ્યો છે. સમસ્ત વૈષ્ણવ સમાજમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. શ્રી વિરાટ વાજપેય મહા સોમયજ્ઞનું આયોજન ૧૫૦ ફુટ રીંગ રોડ વિસ્તારમાં કરાશે. તા.૩૦ નવેમબરના સોમરાજાની શોભાયાત્રા તથા તા.૧લી ડિસે.થી તા.૬ સુધી સોમયજ્ઞ યોજાશે. સર્વાધ્યક્ષ વાજપેયયાજી સર્વ તો મુખી સોમયાજી દીક્ષિત ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજ (પદ્મશ્રી તથા પદ્મભૂષણ અલંકરણથી સન્માનિત બે વખત રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત) તથા યજ્ઞાચાર્ય, સોમયજ્ઞ સમ્રાટ ગોસ્વામી શ્રી વ્રજોત્સવજી મ. માર્ગદર્શક ગોસ્વામી શ્રી ઉમંગરાયજી બાવાનું સોમયમ મહોત્સવમાં સાંનિધ્ય રહેશે. ઉપરોકત અનુષ્ઠાનના મુખ્ય મનોરથી વિઠલભાઈ ભાલારા, પોપટભાઈ ભાલારા છે. તેમ રાજકોટ સોમયજ્ઞ મહોત્સવ સમિતિએ જણાવેલ છે.

# રાહુલ ગાંધી અચાનક શ્રમિકો વચ્ચે પહોંચ્યા, પાવડો ચલાવ્યો, દીવાલ બનાવવામાં મદદ કરી





ભારત હેડલાઇન, તા.૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે અચાનક નવી દિલ્હીના જીટીબીનગર પહોંચી રેંકડી-લારી પર છુટક મજૂરી કરનારા શ્રમિકોની મુલાકાત કરી હતી.

આ દરમિયાન તેમણે શ્રમિકોની સમસ્યાઓ સાંભળવાની સાથે તેમની સાથે કામ પણ કર્યું હતું. કોંગ્રેસે સોશિયલ મીડિયા પર રાહુલની મુલાકાતની માહિતી અને તસવીરો શેર કરી છે.

રાહુલ ગાંધી સાથે શ્રમિકોની તસવીરોમાં જોવા મળી રહ્યું છે કે, તેઓ લેબર ચોક અને એક કન્સ્ટ્રક્શન સાઈટ પર કેટલાક શ્રમિકો સાથે વાતચીત કરી તેમની સમસ્યા સાંભળી રહ્યા છે.


જ્યારે બીજી તસવીરમાં રાહુલ શ્રમિકો સાથે પાવડાથી સિમેન્ટ મિલાવતા અને દીવાલ બનાવવામાં મદદ કરતા જોવા મળી રહ્યા છે.

કોંગ્રેસે રાહુલ ગાંધીની તસવીરો શેર કરીને લખ્યું છે કે, 'વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે જીટીબીનગરમાં શ્રમિકો સાથે મુલાકાત કરી, તેમની સમસ્યાઓ સાંભળી. આ મહેનતુ શ્રમિકો ભારતની અર્થવ્યવસ્થાના કરોડરજ્જુ છે. તેમના જીવનને સરળ અને સુરક્ષિત કરવાની અમારી જવાબદારી છે.'

## રામ મંદિરના પૂજારીઓનો ડ્રેસ ભગવામાંથી બદલી પીળો કરાયો, ગર્ભ ગૃહમાં મોબાઈલ પર પ્રતિબંધ

ભારત હેડલાઇન, તા.૪

રામ મંદિર ટ્રસ્ટના અધિકારીઓ અનુસાર રામલલાના મંદિરના પૂજારીઓના ડ્રેસમાં ફેરફાર કરાયો છે. અત્યાર સુધી ગર્ભગૃહમાં



પૂજારીઓ ભગવા વસ્ત્રમાં જોવા મળતા હતા, જેમાં ભગવા રંગનો કુર્તો, ધોતી અને પાઘડીનો સમાવેશ થતો હતો. જો કે હવે પૂજારીઓએ પીળા રંગના કુર્તા, ધોતી અને પાઘડી પહેરવાનું પણ શરૂ કર્યું છે. આ ઉપરાંત ગર્ભ ગૃહમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે.  મંદિર અધિકારીઓના જણાવ્યા અનુસાર, નવો ડ્રેસ કોડ પહેલી જુલાઈથી લાગુ થઈ ગયો છે. 'ચૌબાની' તરીકે ઓળખાતા પૂજારીઓના આ પરંપરાગત કુર્તામાં બટન નથી હોતા, તેના બદલે વચ્ચેથી બાંધવા માટે જાડા દોરાનો ઉપયોગ કરાય છે. આ કુર્તા સાથે પગની ઘૂંટી સુધીની એક મોટી સુતરાઉ ધોતી કમરની ચોતરફ બાંધવામાં આવે છે. આ ધોતી પહેરવાની એક ખાસ પદ્ધતિ હોય છે. આ સિવાય પૂજારીઓએ પીળી પાઘડી પહેરવી પણ જરૂરી છે. રામ મંદિરમાં એક મુખ્ય પૂજારીની સાથે ચાર સહાયક પૂજારી છે. દરેક સહાયક પૂજારીની સાથે પાંચ તાલીમાર્થી પૂજારી પણ રખાયા છે. આ પૂજારીઓની દરેક ટીમ સવારે ૩:૩૦ વાગ્યાથી રાતે ૧૧ વાગ્યાની વચ્ચે પાંચ કલાકની શિફ્ટમાં સેવા આપે છે. આ તમામ પૂજારીઓને પણ મંદિરમાં મોબાઈલ ફોન લઈ જવા પર પણ પ્રતિબંધ છે.

## હાથરસ દુર્ઘટનામાં પોલીસની મોટી કાર્યવાહીઃ ૬ લોકોની ધરપકડ, ફરાર મુખ્ય આરોપી પર ૧ લાખનું ઈનામ

ભારત હેડલાઇન, તા.૪

હાથરસ દુર્ઘટનામાં ઉત્તર પ્રદેશ પોલીસે મોટી કાર્યવાહી કરતાં ૬ લોકોની ધરપકડ કરી છે. આ સાથે જ મુખ્ય આયોજક આરોપી પ્રકાશ મધુકર પર એક લાખનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું છે. હાથરસમાં સત્સંગ દરમિયાન નાસભાગમાં ૧૨૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે પોલીસે કાર્યવાહી કરતાં સત્સંગના આયોજક સહિત ૬ લોકોની ધરપકડ કરી છે. પોલીસે પ્રેસ કોન્ફરન્સ કરીને આ અંગે જાણકારી આપી હતી.



પોલીસ મહાનિરીક્ષક શલભ માથુરે જણાવ્યું કે મંગળારે હાથરસના સિકંદરારાઉ સ્થિત ફુલરઈ ગામમાં હરિનારાયણ સાકાર વિશ્વહરિ ભોલેબાબાના સત્સંગ દરમિયાન થયેલી નાસભાગમાં ૧૨૧ લોકોના મોત થયા છે. જેમાં ૨ મહિલા સેવકો સહિત ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તમામ આયોજન સમિતિના સદસ્ય છે અને સેવકોના રૂપમાં કામ કરતા હતા. નાસભાગ થવાથી તેઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

આ સાથે તેમણે જણાવ્યું કે ફરાર મુખ્ય આરોપી પ્રકાશ મધુકર પર એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. જલ્દી જ તેના પર બિનજામીન વોરંટ જારી કરવામાં આવશે. સાથે આ વાતની પણ તપાસ કરવામાં આવશે કે આ ઘટના પાછળ કોઈ ષડયંત્ર તો નથી ને. મંગળવારે સત્સંગ પૂરો થયા બાદ ભોલેબાબાની ચરણરજ લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતા. જેમાં ૧૨૧ લોકોના મોત અને ૩૧ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. હાલ મુખ્ય આરોપી ફરાર છે, તેના પર ૧ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.